કેદીઓના દૈનિક વેતન દરોમાં
સુધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
### ઠરાવ ક્રમાંકઃજલક/૨૦૨૦૦૯/૨૨૦૪/જ
### સચિવાલય, ગાંધીનગર.
### તારીખઃ 10 JAN 2014

**વંચાણે લીધાઃ**

**(૧)** ગૃહ વિભાગનો તા.૨૯/૧૦/૯૮નો ઠરાવ ક્રમાંકઃજલક/૪૮૯૨/એસસીઆર-૨૮/જ(પાર્ટ-૧)

**(૨)** ગૃહ વિભાગનો તા.૨૭/૦૫/૨૦૦૩નો ઠરાવ ક્રમાંકઃજલક/૫૦૨૦૦૦/૨૧૯૧/જ

**(૩)** ગૃહ વિભાગનો તા.૧૫/૧૨/૨૦૦૯નો સમાનાંકી ઠરાવ

**(૪)** જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૧૩/૦૮/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃઉદ્યોગ/૧/૫૦૫/એ/૨૦૧૩.

**<u>ઠરાવઃ</u>**

રાજ્યની જેલોમાં સજા પામેલ કેદીઓને જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિના ભાગરૂપે સજા પૂર્ણ કરી જેલમુક્ત થયા બાદ કેદી પુનર્વસન પામી શકે અને કેદીઓને જેલ જીવન દરમિયાન દૈનિક પ્રવૃત્તિ મળી રહે તેમજ કેદીમાં કૌશલ્યનો વિકાસ થાય તે હેતુસર કેદીઓને તાલીમ સહ ઉત્પાદનના ધોરણે વિવિધ ઉદ્યોગલક્ષી કામગીરી સોંપી તેઓને તૈયાર કરવામાં આવે છે અને આ કામગીરીના ભાગરૂપે કેદીઓને વર્ગીકૃત કરી બિનકુશળ, અર્ધકુશળ, કુશળની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. અને આ યાદી મુજબ આમુખઃ(૩)માં જણાવેલ ક્રમાંકથી કેદીને વળતર તરીકે નીચે મુજબ માનદવેતન ચૂકવવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

**બિનકુશળ કેદીઓ માટે રૂ.૨૫/-**
**અર્ધકુશળ કેદીઓ માટે રૂ.30/-**
**કુશળ કેદીઓ માટે રૂ.૩૫/-**

૨. કેદીઓને તેઓની કૌશલ્યવર્ધન માટેની કામગીરીના પ્રમાણમાં વળતર તરીકે આપવામાં આવતા પ્રવર્તમાન માનદવેતનમાં વધારો કરવા માટે નામ.ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ પીટીશન ક્રિમીનલ મિસેલેનીયસ એપ્લીકેશન નં.૧૩૯૯૦/૨૦૧૩માં નામ.હાઇકોર્ટ તરફથી આપવામાં આવેલ દિશાસૂચન તેમજ અન્ય રાજ્યોમાં કેદીઓને ચૂકવવામાં આવતા માનદવેતન તેમજ મોંઘવારીને લક્ષમાં લઇ જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની આમુખઃ(૪)ની દરખાસ્ત અંગે કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ રાજ્યની જેલોમાં કેદીઓને કૌશલ્યવર્ધન માટેની વ્યાવસાયિક તાલીમ-સહ-ઉત્પાદનની કામગીરીના ભાગરૂપે વળતર પેટે ચૂકવવામાં આવતા માનદવેતનમાં વધારો કરી નીચે દર્શાવેલ દરે માનદવેતન ચૂકવવાની નિયત શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

**બિનકુશળ કેદીઓ માટે રૂ.30/-**
**અર્ધકુશળ કેદીઓ માટે રૂ.૩૬/-**
**કુશળ કેદીઓ માટે રૂ.૪૨/-**

શરતોઃ

(૧) ઉક્ત માનદવેતનના સુધારેલ દરો આગામી નાણાકીય વર્ષથી એટલે કે તા.૦૧/૦૪/૨૦૧૪થી અમલમાં આવશે.

(૨) રાજ્યની જેલોમાં કેદીઓને તેઓના કૌશલ્યવર્ધન માટેના વ્યાવસાયિક તાલીમ-સહ-ઉત્પાદનના ભાગરુપે વળતર પેટે આપવામાં આવતા માનદવેતનમાં કરવામાં આવેલ ઉક્ત સુધારા અન્વયે સુધારેલ દરો અમલમાં આવે ત્યારથી જેલ ઉત્પાદક વસ્તુઓની વેચાણ કિંમતમાં સરેરાશ ૧૦%નો વધારો કરવાનો રહેશે.

3. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપરની નોંધ ઉપર સરકારશ્રીની મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દિલીપ જી. સોની)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

- પરમ સન્માનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રી અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, સર્વે માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રી/માન.સંસદીય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
- સર્વે જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**
- નાણા વિભાગ 'ચ' શાખા, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, 'આર' શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ

કેદીઓના દૈનિક વેતન દરોમાં સુધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જલક/૨૦૨૦૦૯/૨૨૦૪/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૩/૦૮/૨૦૧૫.

વંચાણે લીધા:

(૧) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુ.રા.,અમદાવાદનો તા.૨૨/૦૮/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ ઉદ્યોગ/૧/૪૬૨/૨૦૧૪.

(૨) ગૃહ વિભાગનો તા.૧૦/૦૧/૨૦૧૪નો સરખા ક્રમાકનો ઠરાવ.

(૩) ગૃહ વિભાગનો તા.૨૫/૫/૧૯૮૯નો ઠરાવ ક્રમાંક:જલમ/૯૬૮૮/૩૦૬૮/જ.

ઠરાવ(સુધારો) :

રાજ્યની જેલોના કેદીઓ પૈકી બિનકુશળ કેદીઓ, અર્ધકુશળ કેદીઓ તથા કુશળ કેદીઓના દૈનિક વેતનમાં આમુખ ક્રમાંક(૨) થી વધારો કરવામાં આવેલ. જે અન્વયે જેલમાં ઉત્પન્ન કરવામાં આવતા માલ સામાનના ભાવો નક્કી કરવા અંગે કાચા માલની કિંમત તથા કેદીઓને ચુકવેલ વેતન પર ૧૦% પ્રમાણે નફો ઉમેરીને વેચાણ કિંમત નક્કી કરવાની આમુખ ક્રમાંક(૩) માં દર્શાવેલ ઠરાવથી નક્કી થયેલ ફોર્મ્યુલા ધ્યાને લઈને શરત નં.૨ માં સુધારો કરવા માટે જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની આમુખ ક્રમાંક(૧) ઉપરના પત્રથી દરખાસ્ત કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. ઉક્ત દરખાસ્તની કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ વિભાગના આમુખ ક્રમાંક(૨)માં દર્શાવેલ તા.૧૦/૦૧/૨૦૧૪ના સમાંનાકી ઠરાવની શરત નં.૨ રદ કરવામાં આવે છે તેમજ આમુખ ક્રમાંક(૩) માં દર્શાવેલ ઠરાવની નીચે મુજબની ફોર્મ્યુલા મુજબ વેચાણ કિંમત નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"વેચાણ કિંમત= કુલ ઉત્પાદન કિંમત(કાચા માલની કિંમત+ કેદીને ચૂકવેલ વેતન) + ૧૦% નફો (ઉત્પાદન કિંમતના) "

૩. ઉપર જણાવેલ સુધારા સિવાય આ વિભાગના તા.૧૦/૦૧/૨૦૧૪ના સમાનાંકી ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

૪.     આ સુધારો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૭/૦૮/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડો.જયશંકર ઓધવાણી)
સરકારના ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

પરમ સન્માનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અંગત સચિવશ્રી, સર્વે માન.મંત્રીશ્રી/માન.રા.ક.મંત્રીશ્રી/માન.સંસદીય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઈ.),ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
સર્વે જેલ અધિક્ષકશ્રીઓ(જે.ઈ.જ.શ્રી મારફત)
નાણાકીય સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારીશ્રી, ચ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
શાખા પસંદગી ફાઈલ,/ નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.